# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-02-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

*****************************************************

**1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ચાર દિવસના ગુજરાત પ્રવાસે, આજે સવારે સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે સરદાર પટેલને પુષ્પાંજલિ અર્પણ કરશે.**

**2) મહાકુંભમાં 66 કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ આસ્થાની ડૂબકી લગાવી.**

**3) દિલ્હી વિધાનસભામાં આજે નાયબ અધ્યક્ષ પદ માટે ચૂંટણી યોજાશે.**

**4) યુરોપિયન પંચનાં અધ્યક્ષ ઉર્સુલા વૉન ડેર લેએન આજથી ભારતના બે દિવસનાં પ્રવાસે રહેશે.**

**5) I.C.C. ચેમ્પિયન્સ ટ્રોફીમાં અફઘાનિસ્તાને ઇંગ્લૅન્ડને આઠ રનથી પરાજય આપ્યો.**

..........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PRESIDENT GUJARAT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ચાર દિવસનાં ગુજરાત પ્રવાસે છે. ગઈકાલે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સહિતના મહાનુભાવોએ વડોદરા હવાઈમથક પર તેમનું સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રપતિ મુર્મૂ આજે સવારે સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલને પુષ્પાંજલિ અર્પણ કરશે. તેમ જ તેઓ સ્મારકના મુખ્ય સ્થળની સાથે-સાથે એકતાનગર પરિસરની પણ મુલાકાત લેશે.

ગુજરાત પ્રવાસ દરમિયાન રાષ્ટ્રપતિ અમદાવાદ અને ગાંધીનગરમાં બે અલગ અલગ પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત તેઓ કચ્છના પ્રખ્યાત સ્થળોની પણ મુલાકાત લેશે.

સાંભળીએ એક અહેવાલ.

(વૉઈસકાસ્ટઃ અપર્ણા ખુંટ)

# MUMBAI SONOWAL

કેન્દ્રીય બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલની અધ્યક્ષતામાં આજે મુંબઈમાં ઉચ્ચસ્તરની ઉદ્યોગ પરામર્શની બેઠક યોજાશે. દરમિયાન ઉદ્યોગ જગતના અગ્રણીઓ, સરકારી અધિકારીઓ અને હિસ્સેદારોને કેન્દ્રીય અંદાજપત્રમાં દરિયાઈ ક્ષેત્રની મુખ્ય જાહેરાતો અને દેશના દરિયાઈ વિકાસ પર તેની અસર અંગે ચર્ચા કરાશે.

બેઠકમાં દરિયાઈ માળખાગત સુવિધાઓના આધુનિકીકરણ, કાર્યકારી કાર્યક્ષમતામાં સુધારો અને પ્રદેશમાં સ્થિરતાને પ્રોત્સાહન આપવા અંગે ચર્ચા

કરશે. આ કાર્યક્રમમાં અંદાજપત્ર-2025 પર વ્યૂહાત્મક સંવાદ અને 25 હજાર કરોડ રૂપિયાના દરિયાઈ વિકાસ ભંડોળની સ્થાપનાનો સમાવેશ થશે, જેનો ઉદ્દેશ આ ક્ષેત્રમાં લાંબાગાળાના રોકાણને ટેકો આપવાનો છે.

શ્રી સોનોવાલ દેશના વૈશ્વિક દરિયાઈ નેતૃત્વને મજબૂત કરવાના ઉદ્દેશથી 2 મહત્વપૂર્ણ કાર્યક્રમની તારીખ પણ જાહેર કરશે.

# MAHAKUMBH FINAL

(હવે મહાકુંભના સમાચાર)

(મહાકુંભ-ઑપનિંગ મ્યૂઝિક)]

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં ગઈકાલે મહાશિવરાત્રિએ મહાકુંભની વિધિવત્ પૂર્ણાહૂતિ થઈ. 45 દિવસના આધ્યાત્મિક મહાકુંભમાં 66 કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ આસ્થાની ડૂબકી લગાવી હતી. મહાકુંભમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ભૂતાનના નરેશ, વિદેશી પ્રતિનિધિઓ, વિવિધ રાજ્યના રાજ્યપાલ અને મુખ્યમંત્રીઓ તેમ જ કેન્દ્રીય મંત્રીઓ સહિત અનેક પ્રતિષ્ઠિત લોકોએ પણ આસ્થાની ડૂબકી લગાવી હતી.

મહાકુંભ મેળા વિસ્તારમાં ગઇકાલે ભારતીય વાયુ સેનાના એર-શૉની સાથે-સાથે ભક્તો ઉપર ગુલાબની પાંખડીઓનો વરસાદથી ભક્તોને દિવ્ય અનુભવ થયો હતો. આ પ્રસંગે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શ્રદ્ધાળુઓ, સંતો અને કલ્પવાસીઓને શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

<u>(VOICE CAST: ABHISHEK KAPIL)</u>

(મહાકુંભ-ક્લૉઝિંગ મ્યૂઝિક)

# DELHI ASSEMBLY

દિલ્હી વિધાનસભામાં આજે નાયબ અધ્યક્ષ પદ માટે ચૂંટણી યોજાશે. વિધાનસભાની કાર્યસૂચિ મુજબ, મુખ્યમંત્રી રેખા ગુપ્તા ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય મોહનસિંહ બિસ્ટને નાયબ અધ્યક્ષ બનાવવાનો પ્રસ્તાવ રજૂ કરશે. શ્રી બિસ્ટ મુસ્તફાબાદ વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય છે.

ઉપરાંત આ પહેલાની સરકારની શરાબ નીતિ સંબંધિત મંગળવારે રજૂ કરાયેલા નિયંત્રક અને મહાલેખા પરિક્ષક- C.A.G.ના અહેવાલ પર પણ ગૃહમાં ફરી ચર્ચા કરાશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . .

# PREZ EU INDIA

યુરોપિયન પંચનાં અધ્યક્ષ ઉર્સુલા વૉન ડેર લેએન આજથી ભારતના 2 દિવસનાં પ્રવાસે રહેશે. શ્રીમતી લેએનનો આ ત્રીજો ભારત પ્રવાસ હશે. તેઓ આજે સાંજે વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકર સાથે મુલાકાત કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે યુરોપીયન પંચનાં અધ્યક્ષ સાથે પ્રતિનિધિમંડળ સ્તરનો સંવાદ કરશે.

ભારત અને યુરોપ વર્ષ 2004થી વ્યૂહાત્મક ભાગીદાર છે અને તેમના દ્વિપક્ષીય સંબંધ વિવિધ ક્ષેત્રમાં વિસ્તૃત અને ગાઢ બની રહ્યા છે. ઉર્સુલા વૉન ડેર લેએન અને ઈ.યૂ. કૉલેજ ઑફ કમિશનર્સનો પ્રવાસ દ્વિપક્ષીય સંબંધને વધુ મજબૂત કરવાનો માર્ગ મોકળો કરશે.

# TRUMP UKRAINE

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી કે, યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કી આવતીકાલે વ્હાઈટ હાઉસની મુલાકાત લેશે. દરમિયાન તેઓ તેમના દેશના કિંમતી ખનીજ પર અમેરિકાને અધિકાર આપતા કરાર પર હસ્તાક્ષર કરશે. ઉપરાંત રશિયા-યુક્રેન સંઘર્ષ પર પણ એક કરાર થશે.

વ્હાઈટ હાઉસમાં ગઈકાલે મંત્રીમંડળની પહેલી બેઠકમાં રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે કહ્યું હતું કે, “તેઓ લોકોના હત્યા રોકવા રશિયા અને યુક્રેન સાથે કરાર કરવા જઈ રહ્યા છે.” તેમણે ઉમેર્યું, “અમેરિકાએ યુક્રેનની મદદ માટે યુરોપથી વધુ ખર્ચ કર્યો છે.” રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સ્કી અને રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે અને તેમના અધિકારીઓએ બંને દેશના સમકક્ષ સાથે વાત કરી.

દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સ્કીએ કહ્યું, અમેરિકા અને યુક્રેન આવતીકાલે થનારી વાતચીતની તૈયારી કરી રહ્યા છે. શ્રી ઝેલેન્સ્કીએ કહ્યું, તેઓ રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પને મળશે, દરમિયાન ખનીજ ભાગીદારી કરાર, યુક્રેન માટે સમર્થન અને સલામતી બાંહેધરી એજન્ડામાં સામેલ થશે.

# CRICKET ICC CHAMPIONS TROPHY

આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિસદ- I.C.C. ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટમાં ગઈકાલે અફઘાનિસ્તાને ઇંગ્લેન્ડને 8 રનથી પરાજય આપ્યો હતો. પાકિસ્તાનના લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં હારની સાથે ઇંગ્લેન્ડની ટીમ સ્પર્ધામાંથી બહાર થઈ છે. 326 રનના લક્ષ્યાંકનો પીછો કરતાં ઇંગ્લેન્ડની ટીમ 49 ઑવર પાંચ બૉલમાં 317 રન પર ઑલ-આઉટ થઈ હતી. ઇંગ્લેન્ડના ખેલાડી જૉ રૂટે 111 બૉલમાં 120 રન બનાવ્યા. બીજી તરફ અફઘાનિસ્તાનના ખેલાડી અઝમતુલ્લાહ ઉમરજઈએ 5 વિકેટ લીધી હતી.

આ પહેલા અફઘાનિસ્તાને 50 ઑવરમાં 7 વિકેટ ગુમાવી 325 રન બનાવ્યા હતા. ટીમનાં બેટ્સમૅન ઈબ્રાહીમ જાદરાને I.C.C. ચેમ્પિયન્સ ટ્રોફીના ઇતિહાસમાં 146 બૉલમાં 177 રનનો સૌથી વધુ વ્યક્તિગત સ્કૉર બનાવ્યો. આ સાથે જ તેમણે આ સ્પર્ધામાં ઇંગ્લેન્ડના બેન ડકેટે બનાવેલા 165 રનનો વિક્રમ તોડ્યો છે.

હવે આજે રાવલપિંડીમાં પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે મૅચ રમાશે. આ મૅચ ભારતીય સમય મુજબ, બપોરે અઢી વાગ્યે શરૂ થશે.

<u>અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ</u>

- આજના અખબારો પર નજર કરીએ તો, પ્રયાગરાજ ખાતે મહાકુંભનું સમાપન, 44 કરોડ રૂપિયામાં અમેરિકાની નાગરિકતા માટે નવું ટ્રમ્પ કાર્ડ, દક્ષિણ ભારતમાં ગરમીનો પારો 40 ડિગ્રીને પાર, પઠાણકોટમાં પાકિસ્તાનની ઘુસણખોરીનું કાવતરું નિષ્ફળ અને દોષિત નેતાઓ પર આજીવન ચૂંટણી લડવાના પ્રતિબંધ સામે કેન્દ્રનો વિરોધ.... જેવા સમાચારો પ્રથમ પાને જોવા મળે છે.
- 44 કરોડ રૂપિયામાં અમેરિકાની નાગરિકતા ખરીદી શકાશે- આ સમાચારને સંદેશ, રાજસ્થાન પત્રિકા, દિવ્ય ભાસ્કરે હેડલાઇન બનાવી છે.
- મહાકુંભનાં સમાપનનાં સમાચારને સંદેશ અને કુલછાબે હેડલાઇનમાં તસવીર સાથે પ્રકાશિત કર્યા છે.
- નવગુજરાત સમયની હેડલાઇન છે- રેકોર્ડ 66 કરોડ 30 લાખ શ્રધ્ધાળુઓનાં સ્નાન સાથે મહાકુંભની પૂર્ણાહુતિ... કુલછાબનું હેડીંગ છે- મહાકુંભનું મહાન સમાપન
- ગુજરાત સમાચારની હેડલાઇન છે- યુક્રેનના 500 અબજ ડોલરનાં ખનીજમાં અમેરિકાની ભાગીદારી- યુધ્ધમાં યુક્રેનનાં લાખો લોકોની ખુવારી પછી પણ પરિણામ શૂન્ય
- કેદારનાથના કપાટ બીજી મે અને બદરીનાથ ધામના કપાટ 4 મેનાં રોજ ખુલશે- આ સમાચાર પણ અનેક દૈનિકોમાં જોવા મળે છે.